હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૭૨૧, વર્ષ : ૩૧
અંક : ૧૯ ઓક્ટોબર-૦૧, ૨૦૧૮

HNGU
HEMCHANDRACHARYA
NORTH GUJARAT
UNIVERSITY, PATAN

Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય: શ્રી સિદ્ધહેમ પ્રકાશન નિધિ: શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

"પરમેશ્વરની હિંદુસ્તાન પર ઘણી મહેર છે. અનાદિકાળથી આજ પર્યંત અનેક મહાપુરુષો અહીં અવતર્યા છે, અને અહીંના જીવનને ઓછુંવત્તું સમૃદ્ધ કરતા ગયા છે. એ મહાપુરુષોની પરંપરાની છેલ્લી કડી ગણાય તેવા અને હવે પછી આવનારા મહાપુરુષોની શ્રેણીમાં પ્રથમ ગણાય તેવા ગાંધીજી હતા. ભૂતકાળમાં મહાપુરુષોએ આપણને જે કાંઇ આપ્યું તેનો સાર આપણે ગાંધીજીમાં પામ્યાં અને ભવિષ્યમાં જે અસંખ્ય મહાપુરુષો પરમેશ્વર મોકલવાનો છે, એમનાં બીજ પણ ગાંધીજીમાં પામ્યાં. પાછલા પ્રયત્નોનું ફળ મળ્યું અને આગલી આશાઓનું બીજ મળ્યું. ...પુરાતન પરંપરાનું ફળ અને નૂતન પરંપરાનું બીજ જેમના જીવનમાં એકત્ર થઇ ગયું હોય, એવા તો વિરલ જ હોય છે. એવા વિરલ મહાપુરુષો પૈકી ગાંધીજી એક હતા."

**- ગાંધી : જેવા જોયા-જાણ્યા વિનોબાએ, સંપાદન-શ્રી કાન્તિ શાહ, યજ્ઞ પ્રકાશન, વડોદરા.**

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

સને ૧૮૬૯ની બીજી ઓક્ટોબર અને વિક્રમ સંવત ૧૯૨૫ના ભાદરવા વદ બારસના દિવસે પોરબંદરમાં મહાપુરુષોની શૃંખલામાં એક યુગપ્રવર્તક સત્પુરુષ ગાંધીનો જન્મ થયો. રેંટીયા બારસ અથવા ગાંધીજયંતી રૂપે ઉજવાતો તેમનો જન્મ દિવસ હવે વિશ્વ અહિંસા દિન રૂપે ઉજવાય છે. ચાલુ વર્ષે તેમની જન્મજયંતીનું એકસો પચાસમું વર્ષ સમગ્ર વિશ્વમાં ઉજવાશે. સામાન્યતઃ ભાદરવા માસમાં આવતી તેમની જન્મજયંતી ઋષિ તર્પણ તરીકે પણ અનેરી છે.

પૂ. વિનોબા ભાવે ગાંધીજીનો જન્મ ગુજરાતમાં થયો તેને એક આકસ્મિક ઘટના તરીકે જોતા નથી. "ગાંધીજી ગુજરાતમાં પાક્યા એ કોઇ અકસ્માત નથી કે ખાલી નસીબની બલિહારી નથી. એની પાછળ એક તત્ત્વ છે. ગુજરાતના દહીંમાં જ એવું કંઇક છે, જેમાંથી આવું માખણ નીકળી શકે. ગુજરાતનો સૌથી વધુ તરી આવે તેવો ગુણ છે, ત્યાંની આમ જનતાએ અપનાવેલી સાર્વત્રિક અહિંસા. આને લીધે જ ગાંધીજીનો જન્મ ગુજરાતમાં થયો, એમ હું માનું છું."

તેરાપંથી જૈન સંપ્રદાયના આચાર્યશ્રી મહાપ્રજ્ઞજીએ 'અહિંસા'ની સુંદર વિભાવના બતાવી છે. "આંખોને બંધ કરી પોતાની અંદર થોડી વાર ઝાંખવાનો–જોવાનો પ્રયાસ કરો. અંદરથી ઝરણું ફૂટશે એનું નામ અહિંસા, એનું નામ મૈત્રી. બહારની મૈત્રી રાજનીતિની મૈત્રી હોય છે. રાજનીતિનું સૂત્ર છે न हि कश्चिद मित्रम, न कश्चिद रिपुः ન કોઇ સ્થાયી મિત્ર, ન સ્થાયી શત્રુ. અહિંસા અંતરયાત્રાથી નીકળનારું તત્ત્વ છે. એ ભીતરથી નિઃસ્પૃહ હોય છે. સહિષ્ણુતાએ અહિંસાનું પ્રવેશદ્વાર છે."

આદિવચનના આ અંકમાં પૂ. વિનોબા ભાવે દ્વારા અપાયેલ શાબ્દિક ભાવાંજલિને મૂળ સ્વરૂપે જ અહીં રજૂ કરું છું. ગાંધીની એકસો પચાસમી જન્મજયંતી માટે આનાથી વધુ સારી અંજલિ શું હોઇ શકે? (ગાંધી જેવા જોયા–જાણ્યા વિનોબાએ માંથી સાભાર)

* "બહુ ખુશીની વાત છે કે ગાંધીજી જેવા આવડા મોટા મહાપુરુષ આપણા માટે થઇ ગયા. છતાં ભગવાનની કૃપા છે કે તેઓ અલૌકિક પુરુષ પેદા નહોતા થયા. શુકદેવ જન્મથી જ જ્ઞાની હતા. કપિલ મહામુનિ જન્મતાવેંત જ માને ઉપદેશ દેવા લાગ્યા. શંકરાચાર્ય આઠ વર્ષની ઉંમરમાં વેદાભ્યાસ પૂર્ણ કરીને ભાષ્ય લખવા લાગ્યા. પરંતુ ગાંધીજી એ કોટિમાં નહોતા જન્મ્યા. તેઓ સામાન્ય માણસ હતા અને આ જીવનમાં એમણે જે કાંઇ પ્રાપ્ત કર્યું તે પોતાની પ્રત્યક્ષ સાધનાથી અને સત્યનિષ્ઠાથી કર્યું. તેથી એમનું જીવન આપણા માટે વધુ અનુકૂળ પડશે, અનુસરણ કરવા યોગ્ય ઠરશે."
* "એક વાર એક ભાઇએ મને પૂછ્યું કે એમને 'ગાંધી' કહેવા કે 'ગાંધીજી?' મેં કહ્યું, તમે જો એમને વ્યક્તિ માનતા હો, એક પૂજ્ય પુરુષ તરીકે નિહાળતા હો, તો 'ગાંધીજી' કહેવા; પરંતુ તમે જો એમને વિચાર માનતા હો, તો 'ગાંધી' કહેવા જોઇએ અને તો 'ગાંધી હતો' એ રીતે બોલવું પડશે. ગાંધીજી મારા માટે આજે એક વ્યક્તિ નહીં, વિચાર છે."
* "ગાંધીજીને સમજવા માટે આ વસ્તુ ખ્યાલમાં રાખવી બહુ જરૂરી છે. નહીં તો સ્થૂળ પ્રવૃત્તિના ઝમેલા વચ્ચે ગાંધીજીનું અસલ સ્વરૂપ નજરે નહીં ચઢે. ગાંધીજી હંમેશા એ વસ્તુ પર ભાર મૂકતા કે ગમે તે કામ કરીએ, તેમાં પ્યોરિફિકેશન ઑફ હાર્ટ – હૃદયની શુદ્ધિ હોવી જોઇએ. આ કામો કરતાં કરતાં મુખ્ય તો હૃદયશુદ્ધિ અને ચિત્તશુદ્ધિ કરતા રહેવી જોઇએ."
* "સત્ય કે બીજો કોઇપણ ગુણ પહેલાં વ્યક્તિમાં પ્રગટે છે. જેમ વિજ્ઞાનનો પ્રયોગ પહેલાં 'લૅબોરેટરી'માં થાય છે. વ્યક્તિનું જીવન એક લેબૉરેટરી છે. એમાં પ્રયોગ સફળ થાય, તો સમાજમાં વ્યાપક પ્રમાણમાં લાગુ કરવો જોઇએ. જે ગુણવિકાસનો પ્રયોગ વ્યક્તિના જીવનમાં સફળ થયો તેને સમાજવ્યાપી બનાવવો."

* ''ગાંધીજીએ સત્યાગ્રહનો પ્રયોગ સામુદાયિક રૂપે પહેલવહેલો દક્ષિણ આફ્રિકામાં કર્યો. સત્યાગ્રહ શબ્દનો જન્મ પણ આજ પ્રયોગમાંથી થયો. એ શબ્દ બન્યો તે પહેલાં દક્ષિણ આફ્રિકામાં આ ચળવળને નિઃશસ્ત્ર પ્રતિકાર નામે ઓળખવામાં આવતી. એ નામ સાવ અર્થનો અનર્થ કરનારું હતું. એટલે 'સત્યાગ્રહ' એ નવો શબ્દ શોધવામાં આવ્યો. ... સત્યાગ્રહ એટલે સત્ય માટે અહિંસાપૂર્વક આગ્રહ. આ રીતે સત્યાગ્રહ એ અહિંસાનો પ્રયોગ છે.''

વધુમાં, 'હરિજન'ના તા. ૧૫-૪-૧૯૩૩ના પૃ. ૮માં ગાંધીજીએ સત્યાગ્રહના સ્વરૂપ વિશે સપષ્ટતા કરતાં આ સંદર્ભે લખ્યું છે કે, '' 'સત્યાગ્રહ' શબ્દ ઘણી વાર વગર વિચારે ગમે તેમ વાપરવામાં આવે છે અને એમાં ગર્ભિત હિંસાનો સમાવેશ કરવામાં આવે છે. પણ એ શબ્દના ઉત્પાદક તરીકે હું કહું કે એમાં પ્રત્યક્ષ કે પરોક્ષ, ગુપ્ત કે પ્રકટ, કે મન, વચન ને કર્મની હિંસાનો સમાવેશ નથી થતો. વિરોધીનું બુરું તાકવું કે તેને દૂભવવાના ઈરાદાથી તેની પ્રત્યે કે તેને વિશે કઠોર વેણ કાઢવાં એમાં સત્યાગ્રહની મર્યાદાનું છે.''

(સાભાર : હરિ દેસાઈ દ્વારા વોટ્સ-અપ મૂકેલ વિગત)

* ''ગાંધીજી કાંઇ મોટા વિદ્વાન નહોતા. તેઓ શાસ્ત્ર નહોતા જાણતા. પરંતુ એમના શબ્દો ભારતીય શાસ્ત્રોમાંથી નીકળતા. સંતોની વાણીમાં પણ એમ ઘણીવાર વેદ સાથે સંબંધિત શબ્દો જડી આવે છે. એવો જ આ 'શાંતિસેના' શબ્દ છે. જે પાંચ-દશ શબ્દો બાપુએ આપણને આપ્યા, તેમાંનો આ એક છે. ...ગાંધીજીની શાંતિ અને અહિંસા બિચારી-બાપડી નહોતી. એટલે જ એમણે ''શાંતિ''ની સાથે ''સેના'' શબ્દ જોડી દીધો.''
* ''જ્યારે જમાનાની માંગ અને સંતોના ઉપદેશનો સંયોગ થાય છે, ત્યારે ક્રાંતિ થાય છે. ગાંધીજીની બાબતમાં આપણને આ જોવા મળ્યું. ગાંધીજીએ કહ્યું, હિંસાનો પ્રતિકાર અહિંસાથી કરો, અસત્યનો પ્રતિકાર સત્યથી કરો.''
* '' 'દરિદ્રનારાયણ' શબ્દ વિવેકાનંદનો દીધેલો છે. અદ્વૈત વિચારને દરિદ્રનારાયણની સેવા સાથે જોડવાની પ્રક્રિયા મૂળમાં વિવેકાનંદની છે. આધુનિક જમાનામાં સેવાયોગની શરૂઆત વિવેકાનંદે કરી એમ કહી શકાય. શંકરનું અદ્વૈત અને ઈશુનો પ્રેમમય સેવાભાવ એ બંનેનો સંયોગ વિવેકાનંદમાં જોવા મળે છે. એમણે દરિદ્રનારાયણની ઉપાસના કરવાની વાત કરી. આ દરિદ્રનારાયણ શબ્દ લોકમાન્ય તિલકને પણ બહુ પ્રિય હતો. દેશબંધુ ચિત્તરંજન દાસે પણ તેને પ્રચલિત કર્યો. પરંતુ એ શબ્દને ઘેર ઘેર પહોંચાડવાનું કામ અને તદનુસાર આખો રચનાત્મક કાર્યક્રમ ઊભો કરવાનું કામ ગાંધીજીએ કર્યું. એમણે સ્વરાજ્ય-પ્રાપ્તિના કામને પણ માનવસેવાનું રૂપ આપ્યું.''
* '''ખાદી-ગ્રામોદ્યોગ અંગે અલાયદો વિચાર કરવાને બદલે ગ્રામ-અર્થતંત્રના એક અંગ લેખે તેનો વિચાર થવો જોઈએ. ...બાપુ હંમેશા કહ્યા કરતા કે આપણે ગામડે ગામડે જવું છે, ગ્રામ સંસ્કૃતિને ફરી બેઠી કરવી છે. ખ્યાલ એવો હતો કે ખાદી દ્વારા ગ્રામશક્તિ ઊભી કરીશું. ...ખાદી એક મહામંત્ર છે. ખાદીનું કામ સરકારની મદદ પર લાંબો સમય ચાલી શકશે નહીં. સરકાર ક્યાં સુધી મદદ કરશે?'
* ''ગાંધીજીની પાયાની વાત તો એ છે કે આ દુનિયા પરમેશ્વરની છે અને આ ઈશ્વરનો નિવાસ છે. તેથી જેણે પણ કંઇ ભોગ ભોગવવો છે, તેણે સમાજરૂપી પરમેશ્વરને સમર્પણ કરીને પછી પ્રસાદરૂપે જે મળે તે ખાવું જોઈએ, ભોગવવું જોઈએ. ... એમણે સંપત્તિવાનો પાસે ટ્રસ્ટીશીપની આશા રાખી હતી. એમને મોટી ઉમેદ હતી કે હિન્દુસ્તાનના શ્રીમંતો પોતાની સંપત્તિને એક ટ્રસ્ટી તરીકે વાપરવાનું કબુલ કરશે.''

વિનોબાજીને એક પ્રશ્ન પૂછવામાં આવેલો કે, ''ગાંધીજીનો ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત આધ્યાત્મિક છે કે એક વ્યાવહારિક યુક્તિ માત્ર?'' આના ઉત્તરમાં તેમણે જણાવેલ કે, ''હું એને આધ્યાત્મિક માનું છું. એ કેવળ વ્યાવહારિક યુક્તિ નથી.''

* ''ગાંધીજી જેવા મહાપુરુષનો પ્રભાવ બે-ચાર કે પંદર-વીસ વરસમાં ન માપી શકાય. તે તો અત્યંત દૂરગામી અને વ્યાપક હોય છે. એમણે જે કેટલાક વિચાર આપ્યા છે, તે તો અમર છે. લાખ પ્રહાર છતાંય તે જીવતા જ રહેશે. ભારતમાં નહીં રહે, તો પેલેસ્ટાઇનમાં કે ઇંગ્લેન્ડમાં કે અમેરિકામાં જીવતા રહેશે. એવા એ પ્રાણવાન વિચાર છે.''
* ''આપણે શ્રાધ્ધ કરીએ છીએ, તર્પણ કરીએ છીએ. એક હોય છે પિતૃ-તર્પણ અને બીજું હોય છે ઋષિ-તર્પણ. જેમની પાસેથી આપણને શરીર મળ્યું, તેમનું આપણે શ્રાધ્ધ કરીએ છીએ; અને જેમની પાસેથી વિચાર મળ્યા, જ્ઞાન મળ્યું, ભક્તિની પ્રેરણા મળી, એવા ઋષિઓનું તર્પણ કરીએ છીએ. બાપુ આપણા માટે પિતાએ હતા અને ઋષિએ હતા. ...એમણે જે વિશ્વવ્યાપક કામ કર્યું, તે નિરંતર આગળ વધારતા રહીશું, તો તે પિતૃ-તર્પણ થશે; અને એમની વિચારધારાનું ચિંતન-મનન કરતા રહીશું, તો તે ઋષિ-તર્પણ થશે.''

અંતે, વિનોબાજીએ પોતાની ગીતાની ચોપડીમાં લખી રાખેલ વાતનો વિશેષ ઉલ્લેખ છે. ''સ્વ-પ્રયત્નથી મનુષ્ય જ્યારે પોતાનો ઉદ્ધાર કરવા મથે છે, ત્યારે એને ખૂબ પરિશ્રમ કરવો પડે છે અને અંતે એ યોગારૂઢ થાય છે, યોગ પર એનો કાબુ આવી જાય છે; અને ત્યારે એ શાંત થઇ જાય છે. ...ગીતાના છઠ્ઠા અધ્યાયને આરંભે જ આની ચર્ચા આવે છે. તેના પર ગાંધીજીએ જે કહ્યું છે, તે મેં મારી ગીતામાં નોંધી રાખ્યું છે. ગાંધીજીએ કહ્યું છે :

'સવારના પહોરમાં સૂર્યનારાયણ પોતાનો ઉદ્ધાર કરે છે, યોગારૂઢ થઇ આવે છે;'

'અને સંધ્યાને સમયે શાંત થાય છે.'

'સૂર્ય ખરેખર શાંત થાય છે?'

'હું મરીશ ત્યારે પણ થોડો જ શાંત થવાનો છું?'

'હું મરીશ ત્યારે પણ થોડો જ શાંત થવાનો છું?' - ખૂબ સગર્ભ વાક્ય છે.

તા. ૦૧-૧૦-૨૦૧૮
પાટણ.

પ્રોફે. બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## એવોર્ડ













ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશિયલ વેલ્ફેર દ્વારા ગુજરાતના માન. શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને ગુરુ દ્રોણાચાર્ય એવોર્ડ સમારંભનું આયોજન ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું હતું. ગુરુ દ્રોણાચાર્ય એવોર્ડ ભારતમાં શિક્ષણક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવાઓ પ્રદાન કરનાર શિક્ષણવિદ્દોને એનાયત કરવામાં આવે છે. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રોફે. બી. એ. પ્રજાપતિ ભારતના પ્રતિભાસંપન્ન કુલપતિશ્રીઓ કે જેમણે બે યુનિવર્સિટીઓના ઉપકુલપતિ અને કુલપતિપદને શોભાવ્યું હોય – પૈકીના એક છે. તેમણે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે વિવિધ સમિતિઓમાં ભારત સરકાર અને ગુજરાત સરકારનું પ્રતિનિધિત્વ કરી દેશના શિક્ષણ જગતમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. તેમના શિક્ષણક્ષેત્રના આ બહુમૂલ્ય પ્રદાનને કારણે માનનીય શિક્ષણમંત્રીશ્રીના વરદ્ હસ્તે ગુરુ દ્રોણાચાર્ય એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. કુલ પાંચ શિક્ષણવિદો – પ્રોફે. બી. એ. પ્રજાપતિ, ડૉ. વિદ્યુત જોશી, ડૉ. જગદીશ ભાવસાર, ડૉ. પંકજ

પટેલ અને શ્રી સુરેશ શુકલ – ને ગુરુ દ્રોણાચાર્ય એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. આ પ્રસંગે મુખ્ય અતિથિશ્રીઓ ડૉ. શૈલેષ ઠાકર (Global Leadership Guru), શ્રી ભરત રાવ (Chaiman, Sri Campus, Vadasma), ડૉ. રુપેશ વસાણી (Director, SAL Group of Engineering), ડૉ. નીરવ ઠાકર (Chairperson), શ્રી અમિત પંડ્યા (President), શ્રી દિપક પટેલ (Secretary, Ahmedabad, Principal Association), શ્રી જે. પી. પાંડે (Educationalist & Social Worker) ઉપસ્થિત રહ્યા હતા.

શૈલેષભાઇ ઠાકરે વકતવ્યના પ્રારંભમાં જ જણાવ્યું કે સંપૂર્ણ મેરીટના આધારે પસંદગી કર્યા બાદ જ દ્રોણાચાર્ય એવોર્ડ એનાયત કરવામાં આવે છે. ગીતાના જ્ઞાનયોગની મહત્તા ટાંકતા જણાવ્યું કે ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે જ્ઞાની એ તો સાક્ષાત મારુ જ સ્વરુપ છે. આથી મંગળાની આરતી રહી જાય તો આ વિદ્વાનોના દર્શન કરી લો તો ચાલે. લક્ષ્મીને તો આપ ક્યારનાય ઠુકરાવી ચૂક્યા છો. સરસ્વતીની ઉપાસના કરનાર આ દ્રોણાચાર્યને મારા શત્ શત્ વંદન.

શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે "આટલા મોટા ઉત્કૃષ્ટ કાર્યક્રમમાં ન આવ્યો હોત તો પસ્તાયો હોત. દ્રોણાચાર્યનું સન્માન મારા હસ્તે થતું નથી. વાસ્તવમાં તો હું સન્માનિત થયો છું. જાહેરમાં ગુરુની આ બાબતના એવોર્ડનો કાર્યક્રમ આ પ્રથમ છે. સંસ્થા નિમિત્ત છે પણ આ સમાજનું કર્તવ્ય છે. શિક્ષણક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિનું આ સન્માન છે. બાબુભાઇ પ્રજાપતિ અમારા પરિવારના છે. ખૂબ નાની ઉંમરમાં આટલું એચીવમેન્ટ મળવું ઘણી અઘરી બાબત છે. તેમને ઘણા એવોર્ડ મળતા રહે તેવી શુભેચ્છા પાઠવું છું. ગુરુના સન્માનના કાર્યક્રમનો માહોલ જોઇ હું આનંદ અનુભવું છું – ગુરુઓનું સન્માન કરતાં ખૂબ જ આનંદ અનુભવું છું. આજના દિવસમાં ભાગીદાર થવું એમાં મા–બાપના પૂણ્ય હોય ત્યારે આવા ગુરુના સન્માનના પ્રસંગોમાં ઉપસ્થિત રહેવાનું સદ્ભાગ્ય સાંપડે છે."

## રમતગમત

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી આંતર કૉલેજ ભાઇઓ અને બહેનોની ટેબલ ટેનિસ સ્પર્ધા શારીરિક શિક્ષણ અનુસ્નાતક ભવન–પાટણ કૉલેજના યજમાન પદે તા. ૧૦–૧૧, ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ યોજવામાં આવી હતી. જેમાં ડૉ. જી.જે. ઠક્કર, ડૉ. વી.આર. ચૌધરી, ડૉ. વિ.જી. ચૌધરી, ડૉ. વિ.એમ. ઉપાધ્યાય, શ્રી જી.એચ. શુકલા દ્વારા કામગીરી કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં ભાઇઓમાં કૉલેજોની સંખ્યા ૧૬ અને બહેનોની કૉલેજોની સંખ્યા ૧૧એ ભાગ લીધો હતો. જેમાં ખેલાડી ભાઇઓ ૨૬ અને ખેલાડી બહેનો ૨૨ હતી. ફર્સ્ટ સિંગલ્સ ભાઇઓની સંખ્યા૧૬ અને સેકન્ડ સિંગલ્સમાં ૧૧ ભાઇઓ હતા અને સિંગલ્સ બહેનોની સંખ્યા ૧૧ અને ડબલ્સ બહેનોની સંખ્યા ૧૪ હતી. જે સ્પર્ધાનું પરિણામ ફર્સ્ટ સિંગલ ભાઇઓનું પરિણામ : સાયન્સ કૉલેજ, મોડાસા, બી.બી.એ. કૉલેજ, પાલનપુર, આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ડીસા, પી.જી. ભવન–પાટણ. સેકન્ડ સિંગલ્સ ભાઇઓનું પરિણામ : આર્ટ્સ કૉલેજ, ડીસા, કોમર્સ કૉલેજ, મહેસાણા. સિંગલ્સ બહેનોનું પરિણામ : સાયન્સ કોમર્સ કૉલેજ, પાલનપુર, સાયન્સ કૉલેજ, મોડાસા, પી.જી. ભવન, પાટણ, સાયન્સ કૉલેજ, તલોજ. ડબલ્સ બહેનોનું પરિણામ : પી.જી. ભવન–પાટણ, મહીલા કૉલેજ, કડી.

## સ્વચ્છતા અભિયાન

મહાત્મા ગાંધીજી ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે તા. ૨૬–૯–૨૦૧૮ના રોજ ગણિત વિભાગ દ્વારા સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ હતું. જે કાર્યક્રમ અંતર્ગત ગણિતવિભાગના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને અન્ય સ્ટાફ મિત્રોની મદદથી ગણિત વિભાગના વિવિધ વિભાગો તેમજ આજુબાજુના સમગ્ર પરિસરની સફાઇ કરવામાં આવી હતી. આ ઉપરાંત યુનિવર્સિટી પરિસરના રોડ–રસ્તા, પાર્કિંગની સફાઇ તેમજ ઝાડી–ઝાંખરા કાપીને સુઘડ અને સ્વચ્છ બનાવવામાં આવેલ છે. સ્વચ્છતા અભિાયન કાર્યક્રમ ૧૧ થી ૫ કલાક દરમિયાન કરવામાં આવ્યો હતો.

# કૉલેજ ન્યુઝ

## એન.એસ.એસ.

✻ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વડનગર દ્વારા તા. ૧૫–૯–૨૦૧૮ના રોજ સ્વચ્છતા અભિયાન અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

✻ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વડનગરમાં પ્રિ. એન.એસ.એસ.–ડેની ઉજવણીના ભાગરૂપે એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુર ખાતે રાખવામાં આવેલ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવામાં આવ્યો હતો. જેમાં ક્વીઝ સ્પર્ધામાં દેસાઇ રાજેશે દ્વિતીય નંબર, કાવ્ય પઠનમાં ચાવડા મિત્તલે દ્વિતીય અને પેઇન્ટીંગ સ્પર્ધામાં ઠાકોર રાકેશજીએ દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો છે.

## આરોગ્ય

એડવાન્સ ટ્રાન્સફ્યુજન મેડિસીન રીસર્ચ ફાઉન્ડેશન સંચાલિત પ્રથમ બ્લડ સેન્ટર, અમદાવાદ તથા ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્માના સંયુક્ત ઉપક્રમે તા. ૩૧ ઓગષ્ટ, ૨૦૧૮ના રોજ 'થેલેસેમિયા નિદાન ટેસ્ટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમા બ્લડ સેન્ટર અમદાવાદના સીનીયર ડોનર કન્સલ્ટન્ટ શ્રીમતી મીના ગ્વાલાનીએ થેલેસેમિયા અંગે વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ થેલેસેમિયા શું છે તે અંગેની લઘુફિલ્મ પ્રદર્શિત કરી હતી.

## એવોર્ડ

ઇન્ડિયન કાઉન્સીલ ઓફ સોશિયલ વેલ્ફેર ગુજરાત રાજ્ય તેમજ અમદાવાદ આચાર્ય સંઘ દ્વારા તા. ૨૦–૧૦–૨૦૧૮ના રોજ ગુરુ દ્રોણાચાર્ય એવોર્ડ સમારંભનું આયોજન માન. શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના અધ્યક્ષસ્થાને એ.એમ.એ., અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના વરદ હસ્તે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિને ગુરુ દ્રોણાચાર્ય એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કેમ્પસના ટ્રસ્ટીશ્રી ભરતભાઇ રાવનું સન્માન શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ એસ.આર.આઇ. કેમ્પસ, વડસ્માનાં મેને. ટ્રસ્ટીશ્રી ભરતભાઇ રાવ રહ્યા હતા. આ પ્રસંગે કેમ્પસના બી.એડ્. ઇજનેરી, ફાર્મસી, ડીપ્લોમા તથા એન્જિનિયરીંગ સ્કૂલનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ પ્રસંગે એક બાળકીની દત્તક વિધિ કાર્યક્રમ યાદગાર ને પ્રસંશનીય રહ્યો. ઇન્ડિયન કાઉન્સીલ ઓફ સોશિયલ







વેલફેર સંસ્થાએ ૨૭ એપ્રિલ ૨૦૧૮નાં રોજ એક દિવસીય ત્યજી દીધેલ બાળકી મળી આવતા એનો ઉછેર આ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો હતો. આ સન્માન કાર્યક્રમમાં આ બાળકીની દત્તકવિધિ શિક્ષણમંત્રી દ્વારા શિક્ષક દંપત્તિને દત્તક આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મહેમાનો ભાવવિભોર બન્યા હતા.

## ઉદ્‌ઘાટન

શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણા ખાતે તા. ૨૮–૮–૧૮ના રોજ કે.સી.જી. અમદાવાદ દ્વારા આયોજીત ફિનીસીંગ સ્કૂલનો ઉદ્‌ઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો. વિષય નિષ્ણાંત તરીકે શ્રી ઉત્પલ ભટ્ટ અને ડૉ. એલીઝાબેથ ક્રિશ્ચિયન ઉપસ્થિત રહ્યા હતાં.

## ગ્રંથાલય

❊ પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણમાં ''ગ્રંથાલય સપ્તાહ કાર્યક્રમ'' અંતર્ગત તા. ૨૭ થી ૩૧ ઓગષ્ટ, ૨૦૧૮ દરમ્યાન 'મૂલ્ય વર્ધક–વ્યક્તિત્વ વિકાસ–બૌદ્ધિક પુસ્તકો સામયિકોનું પ્રદર્શન, વાંચે કોલેજ–વિકસે વિદ્યાર્થી, અંગ્રેજી સાહિત્યિક પુસ્તક પ્રદર્શન અને ઇન્ટરનેટનો અભ્યાસલક્ષી/કારકિર્દી ઘડતરમાં ઉપયોગ વિષય ઉપર ડૉ. પરીક્ષિતભાઇ બારોટનું વ્યાખ્યાન વગેરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

❊ આર્ટ્સ કોલેજ, રાજેન્દ્રનગરમાં તા. ૨૯ અને તા. ૩૦મી ઓગષ્ટ, ૨૦૧૮ના રોજ પુસ્તક પ્રદર્શન ગ્રંથપાલશ્રી દિનેભાઇ એમ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## મહિલા સશક્તિકરણ

❊ શ્રી કે.કે. પટેલ ગર્લ્સ સાયન્સ કોલેજમાં દિકરીઓનાં મનોબળને મજબૂત બનાવતું વક્તવ્ય શ્રી પંકજમલ દ્વારા આપવામાં આવ્યું. જેઓ ભારતભમાં સાયકલીંગ દ્વારા ૧૮૦૦૦ કિ.મી.ની યાત્રા કરી સ્ત્રી સશક્તિકરણનો સંદેશો તેમજ 'સ્ત્રી–ભ્રુણ હત્યા' અંતર્ગત લોકોમાં જાગૃતિ લાવવાનું કાર્ય કરે છે.

❊ શેઠશ્રી બી.સી. શાહ આર્ટ્સ કોલેજ, વડાલીમાં 'સ્ત્રી સશક્તિકરણ' અંગે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા લૉ કોલેજ ડીસાનાં આચાર્યા શ્રીમતી રાજુલબેન દેસાઇએ વિદ્યાર્થિનીઓને સશક્તિકરણ અંગે વિશેષ માહિતી આપી. કોઇ પણ મુશ્કેલીમાં ક્યાંક મૂકી જાય તો કેવી રીતે પોતાની જાતને બચાવી શકાય, હેલ્પલાઇન નંબર તેમજ સ્ત્રીઓ સાથે જોડાયેલા કાયદા કાનૂની કલમોની માહિતી આપી હતી. આચાર્યા શ્રીમતી દક્ષાબેન પટેલ અને ક્રિષ્ના દેસા 'સ્ત્રી સશક્તિકરણ' અંગે ખુબ પ્રેરણાદાયક વાત સૌ સમક્ષ મૂકી હતી.

❊ શ્રી સરસ્વતિ શિક્ષણ મહાવિદ્યાલય, ઊંઝામાં તા. ૨૧–૮–૨૦૧૮ના રોજ મહિલા સુરક્ષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## યોગ



લૉ કૉલેજ અને આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, કાંટ (ડીસા)માં તા. ૧૦–૯–૧૮ના રોજ 'પ્રાણીક હિલીંગ' નામની સંસ્થ દ્વારા ટ્વીન હાર્ટ મેડીટેશન અને સુપર બ્રેન યોગા વિશેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રાણીક હિલીંગ શૈક્ષણિક અને વ્યવહારનું અભિગમ સમજાવ્યો હતો.

## વૃક્ષારોપણ



લૉ કૉલેજ, કાંટ (ડીસા) ખાતે ભારત વિકાસ પરિષદ અને લૉ કૉલેજના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## વાલી સંમેલન

લૉ કૉલેજ, કાંટ (ડીસા) ખાતે ભારત વિકાસ પરિષદ અને લૉ કૉલેજના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## વ્યાખ્યાન

❋ શ્રી બાબુલાલ પુનમચંદ શાહ વિદ્યાસંકુલ સંચાલિત શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણામાં જ્ઞાનધારા અંતર્ગત 'વર્તમાન પરિપ્રેક્ષમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણ' વિષય પર ડૉ. મહેન્દ્ર ચોટલીયાનું વ્યાખ્યા યોજાયું. વર્તમાન સમયની પરિસ્થિતિ અને શિક્ષણમાં મૂલ્યોની જરૂરિયાત અંગે વક્તાએ વિગતે વાત કરી. કોલેજના આચાર્યશ્રી ડૉ. જયેશભાઇ બારોટે વક્તાનું શાબ્દિક અને પુસ્તકથી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે સપ્તધારાના કો. ઓર્ડીનેટર ડૉ. રાકેશભાઇ જોષીએ કાર્યક્રમનો આનંદ અને આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. યોગેશચંદ્ર પટેલે કર્યું હતું.



❋ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ અર્બન સાયન્સ કૉલેજ, મહેસાણામાં તા. ૨૦–૯–૨૦૧૮ રોજ પ્રાયમરી હેલ્થ એન્ડ કેર અંગે વ્યાખ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહેસાણાની ભાગ્યોદય મેડીકલ હોસ્પિટલના ડૉ. બાબુભાઇ પટેલે વ્યાખ્યાન આપ્યુ હતું.

## શૈક્ષણિક પ્રવાસ

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વડનગરના ઇતિહાસ વિભાગ દ્વારા તા. ૨૪–૮–૧૮ના રોજ માઉન્ટ આબુનો પ્રવાસ કરવામાં આવ્યો હતો.

## શિક્ષક દિન



❋ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કાંટ દ્વારા તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

❋ એસ.ટી.ટી. કોલેજ, વિસનગરમાં તા. ૫–૯–૨૦૧૮ના રોજ શિક્ષક દિન ઉજવણી કરવામાં આવી હતી.

❋ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વડનગરમાં તા. ૫–૯–૨૦૧૮ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

❋ શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કોલેજ, પાટણ ખાતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

❋ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં તા. ૫–૯–૨૦૧૮ના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી.

❋ પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણમાં ''શિક્ષક દિન''ની ઉજવણી અંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

❋ શ્રી સરસ્વતિ શિક્ષણ મહાવિદ્યાલય, ઊંઝામાં તા. ૫–૯–૨૦૧૮ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

❋ ડૉ. રાધાકૃષ્ણ સર્વપલ્લી જયંતીની ઉજવણીના ભાગરૂપે તા. ૫–૯–૨૦૧૮ના રોજ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી.

❋ શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં તા. ૫–૯–૨૦૧૮ના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી.

❋ આર્ટ્સ અને કોમર્સ કોલેજ, વડગામમાં તા. ૫–૯–૧૮ના રોજ 'શિક્ષક દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. પ્રા. ડૉ. રમેશભાઇ, પ્રા. વિપુલ જોષી, પ્રા જશુભાઇએ પ્રસંગને અનુરૂપ વક્તવ્યો આપ્યા હતા.

## સત્કાર સમારંભ

સ્વામી વિવેકાનંદ સર્વોદય બેન્ક એમ.એડ્. કોલેજ, મહેસાણામાં તા. ૨૪–૮–૨૦૧૮ના રોજ 'સત્કાર સમારંભ' યોજવામાં આવ્યો હતો.

## સાહિત્યગોષ્ઠિ

❋ મણીબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં તા. ૨૮–૮–૨૦૧૮ના રોજ રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતી ઉજવવામાં આવી હતી. મેઘાણીનું જીવન, તેનું સાહિત્ય સર્જન, તેમનું લોક સાહિત્યનું સંશોધન અને સંપાદન, મેઘાણીની કૃતિઓને રજૂ કરવામાં આવી હતી.

❋ પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણ તેમજ સંસ્કૃત ભારતી સંસ્થાન દિલ્હીના ઉપક્રમે સંસ્કૃત સંભાષણનું આયોજન તા. ૬–૮–૨૦૧૮ થી તા. ૧૮–૮–૨૦૧૮ દરમિયાન કરવામાં આવ્યું હતું. સ્તોત્રગાન, નાટિકા, સ્વપરિચય, અષ્ટકગાન, દિનચર્યા, સંસ્કૃત ભાષાનું મહત્ત્વ તેમજ સંચાલન સંસ્કૃત ભાષામાં કરવામાં આવ્યું હતું. સંભાષણના પ્રશિક્ષક શ્રી કેતનભાઇ દવેએ સંસ્કૃત ભાષાના મહત્ત્વ વિશે વિચારો વ્યક્ત કર્યા હતા.

❋ શ્રીમતી પી.આર. પટેલ આર્ટ્સ કોલેજ, પલાસરમાં તા. ૨૮–૮–૧૮ના રોજ સ્વ. ઝવેરચંદ મેઘાણીની ૧૨૨મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

❋ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુરમાં તા. ૧૨–૯–૨૦૧૮ના રોજ 'મીરાંનાં પદોનું ગાન'નો કાર્ય(મ યોજવામાં આવ્યો હતો.

❋ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ખેરાલુમાં પ્રા. વિનાયકભાઇ દ્વારા ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા મેઘાણીનું જીવન–કવન તથા કાવ્ય પઠન, કાવ્યગાન, કાવ્યસંગ્રહ પરિચય કરાવવામાં આવ્યો હતો. પ્રિ. કે.બી. પટેલ કાર્યક્રમની શુભેચ્છા પાઠવી હતી.

❋ આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, વડગામમાં તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા હિન્દી ગઝલો તથા હિન્દી ભાષાના મહત્ત્વ અને ગૌરવ વિશે વાત કરી હતી. હિન્દી વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. ભારમલભાઇ અને ગુજરાત વિષયના પ્રા. જશુભાઇ એ પ્રાસંગિક વકતવ્ય આપ્યાં હતાં.

❊ સ્વામી વિવેકાનંદ બી.એડ્. કૉલેજ, મહેસાણામાં 'વિશ્વ હિન્દી દિવસ'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ઉપક્રમે મ્યુનિસિપલ આર્ટ્સ કૉલેજ, મહેસાણાના પૂર્વ પ્રાધ્યાપક તુલસીભાઈ પટેલ દ્વારા 'રાષ્ટ્રભાષા તરીકે હિન્દી ભાષાનું મહત્ત્વ અને આજના સમયમાં હિનદી ભાષાનું શિક્ષણમાં સ્થાન' વિશે ચિંતનાત્મક વકતવ્ય આપવામાં આવ્યું હતું.

❊ શ્રીમતી આર. એમ. પ્રજાપતિ આર્ટ્સ કૉલેજ, સતલાસણામાં તા. ૧૦–૮–૨૦૧૮ના રોજ આધુનિક ગુજરાત યુવાકવિ રાવજી પટેલની પુણ્યતિથિનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ. ડૉ. જયેશભાઇ બારોટે કવિ રાવજીની 'મારી આંખી કંકુની સુરજ', પ્રો. રાકેશભાઇ જોશી, પ્રો. યોગેશચંદ્ર અને પ્રો. મનીષભાઈએ રાવજી પટેલનું ગુજરાતી કવિતા ક્ષેત્રેપ્રદાન તથા જીવન અને સાહિત્ય વિશે વાત કરી હતી.

## સાંસ્કૃતિક પ્રવૃત્તિ

❊ ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા ખાતે સર્વિણમ ગુજરાત વૈશ્વિક ગુજરાત ઉત્કૃષ્ટતા અભિયાન સપ્તધારા અંતર્ગત શૈ.વર્ષ ૨૦૧૮–૧૯ના પ્રથમ સત્રની સ્પર્ધા તા. ૩૦–૮–૨૦૧૮ના રોજ યોજવામાં આવી હતી. જેમાં નાટ્ય, સર્જનાત્મક અભિવ્યક્તિ, કલા કૌશલ્ય, ગીત–સંગીત, સામુદાયિક સેવા વગેરે ધારા દ્વારા સ્પર્ધાઓ રાખવામાં આવી હતી.

❊ શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજમાં શિક્ષકદિનની ઉજવણી સંદર્ભે આજ રોજ વક્તૃત્વ સ્પર્ધા તેમજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તૃત્વ સ્પર્ધામાં ૧૧ તેમજ નિબંધ સ્પર્ધામાં ૧૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિબંધ સ્પર્ધામાં જોશી હરેશ એન. તૃતીય ક્રમે, પ્રજાપતિ આકાશ દ્વિતીય ક્રમે તથા ઠાકોર અરવિંદ પ્રથમ ક્રમે આવ્યા હતા. વક્તૃત્વ સ્પર્ધામાં ગોહિલ દિવ્યા એ. તૃતીય ક્રમે, રબારી મનુભાઇ એ. દ્વિતીય અને રાજપૂત શ્વેતાબાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.







❊ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ અર્બન સાયન્સ કૉલેજ, મહેસાણામાં તા. ૨૦–૯–૨૦૧૮ અને ૨૨–૯–૨૦૧૮ના રોજ ચિત્ર, પોસ્ટર મેકિંગ અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ નંબરે સ્વાતિ વારલી, શિવમ પટેલ, દ્વિતીય નંબરે ફાલ્ગુની ગોસાઇ, સ્વેતા પટેલ, તૃતીય નંબર પ્રિય પટેલ, વિશાલ પટેલ તથા પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં પ્રથમ નંબર શિવમ પટેલ અને દ્વિતીય નંબરે વિશાલ પટેલ તથા વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબરે પ્રિતેશ દજી, દ્વિતીય નંબરે અગીરબાનું પઠાણ અને તૃતીય નંબરે જલ્પા સુથાર વિજેતા થયા હતા.

તા. ૨૨–૯–૨૦૧૮ના રોજ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ (F.D.P.) યોજવામાં આવ્યો હતો. નીલકંઠ સાયન્સ કૉલેજના પ્રિફ ડૉ. રાજેશભાઇ જી. ચૌધરી દ્વારા કૉલેજના તમામ સ્ટાફ મિત્રોને પેપરલેસ કાર્ય માટે ઓનલાઇન ગુગલ ફોર્મથી માહિતી એકઠી કેવી રીતે કરી શકાય તે અંગે જુદી જુદી બાબતો આપવામાં આવી.

તા ૨૪–૯–૨૦૧૮ના રોજ 'મેડીટેશન રિલેક્સેશન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

❊ તા. ૮–૯–૨૦૧૮ના રોજ વડનગર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે પ્રજાપતિ આરતીબેન આર. અને ફકીર શેરબાનું એમ., બીજા ક્રમે મોદી ઉર્વીબેન એમ. અને ત્રીજા ક્રમે પટેલ ઋત્વી ડી. વિજેતા રહ્યા હતા. આ પૂર્વે તા. ૦૭–૦૯–૨૦૧૮ના રોજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે ચૌહાણ મીતાબેન એન., બીજા ક્રમે મોદી ઉર્વીબેન અને જાદવ જાનકીબેન, ત્રીજા ક્રમે ઠાકરો રાકેશજી સી. વિજેતા રહ્યા હતા.

❊ આર્ટ્સ અને કોમર્સ કોલેજ, વડગામમાં ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી.

❊ મણીબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં તા. ૩૧–૮–૨૦૧૮ના રોજ મહેંદી અને રંગોલી સ્પર્ધા યોજવામાં આવી હતી.

❊ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરમાં રંગોળી સ્પર્ધાનું આયોજન તા. ૨૮–૮–૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું હતું. પ્રથમ ક્રમે વિદિશા રાઠોડ, દ્વિતીય ક્રમે મુસ્કાન પઠાણ અને પૂજા અમીન તથા તૃતીય ક્રમે જુલી પટેલ અને રીચા બારોટ વિજેતા જાહેર થયા.

❊ આર્ટ્સ કોલેજ, રાજેન્દ્રનગરમાં વિચાર વિસ્તાર લેખન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રથમક્રમે ચૌહાણ અજય એ., દ્વિતીય ક્રમે ચૌધરી મયુરીએ તેમજ ત્રીજાક્રમે પ્રજાપતિ આરતીબેન બી. વિજેતા થયેલ છે.

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વડનગરમાં તા. ૧૧–૯–૨૦૧૮ના રોજ 'જળ એ જ જીવન' વિષય પર નિબંધ સ્પર્ધા જ્યારે 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે રબારી રીટાબેન, દ્વિતીય ક્રમે રાજપૂત ધાર્મિકાબેન અને તૃતીય ક્રમે ઠાકોર પિન્કીબેન રહ્યા હતા.

## સેમિનાર

❊ પી.કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ અને જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પાટણનાં સંયુક્ત ઉપક્રમે 'વિદેશ રોજગાર માર્ગદર્શન સેમિનાર' યોજવામાં આવ્યો હતો. જેમાં વિષય તજજ્ઞ તરીકે અમદાવાદથી ઓવરસીઝ કાઉન્સેલર બીશ્વસનાથ ક્રિસ્ટોફરે વિદેશમાં અભ્યાસ તથા રોજગારી મેળવવા માટે વિનામૂલ્યે અપાતી સેવાઓની જાણકારી આપી હતી. તે ઉપરાંત પોતાની ડિગ્રી અનુસાર વિદેશમાં અભ્યાસ અને નોકરીની તકો કેવી રીતે શોધી શકાય છે તેની જાણકારી વિવિધ વેબસાઇટની લીંબ દ્વારા આપી હતી. પાસપોર્ટ અને વિઝા કઇ રીતે મેળવવા અને યુ.એસ. માટે ઇન્ટરવ્યુ કઇ રીતે આપવુ વગેરે જેવા વિષયો પર ઉપયોગી માહિતી આપી હતી.

# ગ્રંથદર્શન



**શીર્ષક : કચ્છની કમાંગરી ચિત્રકલા**
**લેખક : પ્રદીપ ઝવેરી**
**પ્રકાશક : ગુજરાત કલા પ્રતિષ્ઠાન, સુરત**
**પ્રકાશન વર્ષ : ૨૦૧૮; પૃષ્ઠ : ૧૯૧;**
**કિંમત : --**

કલા એ માણસના આંતરિક મનના સાત્ત્વિકભાવોને પ્રગટ કરવાનું અનોખુ કાર્ય છે. નિજાનંદની અનુભૂતિની પરાકાષ્ઠાએ કલામાં ઓતપ્રોત થઇ જતો કલાકાર સહજ રીતે પરમતત્ત્વની સમીપતાનો અનુભવ કરે છે. આથી જ ભારતીય સંસ્કૃતિમાં કલાને સાધનાનું એક અંગ ગણાવ્યું છે. કલાના ઉપાસકો અને કલાના કદરદાનોથી ભારતમાતા સદૈવ ગૌરવાન્વિત થતી રહી છે. ગુજરાત પણ કલાવૈભવનો સમૃદ્ધ વારસો ધરાવે છે. ગુજરાત કલા પ્રતિષ્ઠાન વેરવિખેર પડેલા કલાવારસાનું દસ્તાવેજીકરણ કરવાનું ભગીરથ કાર્ય કરી કલાના સંરક્ષણ–સંવર્ધનને વેગ આપી રહી છે, જે અભિનંદનને પ્રાપ્ત છે. આવુ જ એક દસ્તાવેજીકરણ એટલે 'કચ્છની કમાંગરી ચિત્રકલા'.

આમતો જોઇએ તો લલિતકલાના બી પ્રત્યેક બાળકમાં વત્તાઓછા અંશે પડેલા હોય છે. માટીના રમકડા બનાવવા, માટીનું ઘર બનાવવું, નવરાત્રીમાં ગબ્બર બનાવવો, ચિત્રો દોરવા વગેરે તેની બાળસહજ ચેષ્ટામાં પ્રતિબિંબ થાય છે અને તે આગળ જતાં પરિપક્વ બનતાં સંસ્કાર વારસામાં પરિણમે છે. ઘરના ટોડલો, ભીંતો, પરશાળ, જાહેરસ્થળો, વિવિધ સામાજિક પ્રસંગો–લગ્નમાં ગણપતિ દોરવા – માં વ્યવસાયિક ધોરણે – ચિત્રકારો – હતા જે સાધન સંપન્ન પરિવારો, દરબારગઢો, મહેલોમાં ચિત્રકામ કરતા. કમાંગરો મુખ્યત્વે મુસ્લિમ સમાજમાંથી આવતા કુરેશી કોમના હતા. કમાંગરી ચિત્રકારીમાં હિન્દુ ચિત્રકારો પણ હતા. ખાસ કરીને ગુર્જર સુથાર અને રૂપગડા સુથાર સમાજમાંથી આવતા. કચ્છના ધંધાદારી ચિત્રકારો એ મુખ્યત્વે કમાંગર કોમના હતા. તેમની ચિત્રકળા ખૂબ વખણાઇ જેથી ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં આ ચિત્રકળા 'કમાંગરી ચિત્રકળા' તરીકે પ્રસિદ્ધિ પામી. પાછળથી સોની, કંસારા અને મોચી કોમના ચિત્રકારો પણ તેમાં ભળ્યા. ભીંતચિત્રો તેમના દ્વારા દોરવામાં આવતા છતાં કાગળ ઉપરનાં રેખાચિત્રોના નમૂનાઓ પણ કચ્છના મ્યુઝિયમમાં સચવાયેલાં છે. કચ્છ દરબારમાં યુધ્ધના પ્રસંગો, તલવારો, રામાયણ–મહાભારતના પ્રસંગો, રાજવી પરિવારના ઠસ્સા, દરબારગઢો, દા.ત. શણગારેલા ઘોડાને દોરી જતો સિપાઇ, ઘોડાગાડી, હાથીની અંબાડી પર રાજાની સવારી, મહેલની અટારીઓ, સેનાની કુચ, ઘોડા દોડ, વરઘોડા, લગ્નપ્રસંગો, નટના ખેલો, શ્રીમંતોની હવેલીઓ વગેરે અનેકવિધ ચિત્રોનું સર્જન કમાંગરો દ્વારા કરવામાં આવ્યું છે. સદર ગ્રંથમાં કુલ ૧૮ પ્રકરણો છે જેમાં કમાંગરી ચિત્રકલાને ઉજાગર કરવામાં આવી છે : જેમાં કચ્છ પ્રદેશની ચિત્રકલાનું મહત્ત્વ, કચ્છમાં જોવા મળતાં કમાંગરી ભીંતચિત્રો, કચ્છમાં ભીંતચિત્રોનું ઘટતું મહત્ત્વ, ભીંતચિત્રો બનાવવાની રીત, કચ્છમાં જોવા મળતાં અગત્યનાં ભીંતચિત્રો, કમાંગરી ચિત્રકલાનો અંત, કચ્છી કમાંગરી ચિત્રકલાને પ્રોત્સાહન આપનારી કોમ, કચ્છનાં અલંકારિક મકાનો, રાવ લખપત અને રામસિંહ માલમનું કચ્છની કળામાં યોગદાન વગેરે વિવિધ બાબતો ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આથી ચિત્રકલાની સાથે તત્કાલીન સમાજજીવન, સાંસ્કૃતિક વિરાસત, ભૌગોલિક ગ્રામ્ય–નગર જીવન, રાજકીય દબદબાની પણ ઝાંખી થાય છે. દા.ત. કમાંગરોની વસ્તી આજે ઉત્તર ભારતમાં ફતેહપુર, ફિરોઝાબાદ, વારાણસી તેમજ જમ્મુ અને પાકિસ્તાનના મીરપુર અને કોટલી વિભાગમાં પણ જોવા મળે છે. તેઓ સુન્નીપેટાને અનુસરે છે અને ખાનમુઘલ તરીકે ઓળખાય છે.

આમ સમગ્રતયા ગ્રંથનું વાંચન કંઇક જુદી જ અનુભૂતિ કરાવે છે. સાથે સાથે મનમાં,

૧. વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓ પૈકીની એક સંસ્કૃતિ એટલે ભારતીય સંસ્કૃતિ. અન્ય સંસ્કૃતિઓ નાશ પામી પરંતુ ભારતીય સંસ્કૃતિ આજે પણ અનેક વિદેશી આક્રમણોની વચ્ચે જીવંત રહી છે તેના મૂળમાં આપણી સાંસ્કૃતિક વિરાસત છે.
૨. ભારત આજે પણ સાંસ્કૃતિ રીતે સમૃધ્ધ છે. બસ જરૂર છે આ વિરવિખેર પડેલા સમૃધ્ધિના દસ્તાવેજીકરણની, આ દિશામાં સરકાર, સંસ્થા અને સંશોધકોએ રસ લેવાની
૩. ભારતને વિશ્વગુરુ બનાવવાના સંકલ્પમાં આ દસ્તાવેજીકણ તો જરૂરી છે જ પરંતુ સાથે સાથે દુનિયા સમજી શકે તે ભાષામાં તેને પીરસવા માટે અંગ્રેજી ભાષાનાં અનુવાદની.

કચ્છના નગરો અને ગામડાઓમાં પથરાયેલી આ કમાંગરી ચિત્રકલાને એકઠી કરવી, ગ્રંથસ્થ કરવી શ્રમસાધ્ય કાર્ય છે. ગ્રંથમાં ચિત્રકલાનો વિવિધ નમૂનાઓને દર્શાવવામાં આવ્યા છે. જેથી પ્રથમ દૃષ્ટિએ જ ગ્રંથનું વાંચન કરવા મન લાલાયિત થાય છે. ગ્રંથના પાછળના પૃષ્ઠ ઉપર એમ.એસ. યુનિવર્સિટીના આસિ. પ્રોફેસર પિયુષ ઠક્કર દ્વારા પરિચયમાં લેખકની કલાઉપાસના વર્ણવી છે, જે નોંધપાત્ર છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી પિયુષ ઠક્કર આ પૂર્વે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં આર્કીટેકચર વિભાગમાં સેવાઓ આપતા હતા.

**ડૉ. કનકબાળા જાની**
કા. યુનિવર્સિટી લાઇબ્રેરિયન

## સબરસ

એક મિત્ર (ખુશ થઇને) : આજે સવાર સવારમાં મારી પત્નીએ મારા વખાણ ચાલુ કર્યા છે.
બીજો મિત્ર : હા, પણ તોયે માળીયે તો નહીં ચઢવાનું.


HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917, Visit us at : www.ngu.ac.in

Editor : Dr. Kanakbala Jani (I/c University Librarian), Dr. Chanduji Thakor
Published by : Dr. D.M.Patel, I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : Vinod Printery, Nr. Three Gate, Patan. • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2020, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.